॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥

# સત્સંગદીક્ષા

## મુખપાઠ શ્રેણી : ૧૬

પ્રયોજક : બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ.

### (ગુજરાતી શ્લોકનું ભાષાંતર)

| | |
|---|---|
| **શ્લોક - ૨૨૬** | જે મનુષ્ય ભક્તોમાં દોષ જોનાર, અવગુણની જ વાતો કરનાર, મનસ્વી અને ગુરુદ્રોહી હોય તેનો સંગ ન કરવો. |
| **શ્લોક - ૨૨૭** | જે મનુષ્ય સત્કાર્ય, સચ્છાસ્ત્ર તથા સત્સંગની નિંદા કરતો હોય તેનો સંગ ન કરવો. |
| **શ્લોક - ૨૨૮** | જેની વાતો સાંભળવાથી ભગવાન, ગુરુ તથા સત્સંગને વિષે નિષ્ઠા ટળતી હોય તેનો સંગ ત્યજવો. |
| **શ્લોક - ૨૨૯** | જેને અક્ષરપુરુષોત્તમને વિષે દૃઢ નિષ્ઠા હોય, દૃઢ ભક્તિ હોય અને જે વિવેકી હોય તેનો સંગ આદર થકી કરવો. |
| **શ્લોક - ૨૩૦** | ભગવાન તથા ગુરુનાં વાક્યોમાં જેને સંશય ન હોય, જે વિશ્વાસુ હોય, બુદ્ધિમાન હોય તેનો સંગ આદર થકી કરવો. |
| **શ્લોક - ૨૩૧** | આજ્ઞા પાળવામાં જે સદાય ઉત્સાહ સાથે તત્પર હોય, દૃઢ હોય; જે નિર્માની તથા સરળ હોય તેનો સંગ આદર થકી કરવો. |
| **શ્લોક - ૨૩૨** | ભગવાન અને ગુરુના દિવ્ય તથા મનુષ્ય ચરિત્રોમાં જે સ્નેહપૂર્વક દિવ્યતાનું દર્શન કરતો હોય તેનો સંગ આદર થકી કરવો. |
| **શ્લોક - ૨૩૩** | સત્સંગમાં જે મનુષ્ય અન્યના ગુણો ગ્રહણ કરવામાં તત્પર હોય, દુર્ગુણોની વાત ન કરતો હોય, સુહૃદભાવવાળો હોય તેનો સંગ આદર થકી કરવો. |
| **શ્લોક - ૨૩૪** | જેના આચાર તથા વિચારને વિષે ગુરુહરિને રાજી કરવાનું એકમાત્ર લક્ષ્ય હોય તેનો સંગ આદર થકી કરવો. |
| **શ્લોક - ૨૩૫** | પોતાની શક્તિ અને રુચિ પ્રમાણે સંસ્કૃત તથા પ્રાકૃત ભાષામાં પોતાના સંપ્રદાયના ગ્રંથોનું પઠન-પાઠન કરવું. |
| **શ્લોક - ૨૩૬** | વચનામૃત, સ્વામીની વાતો તથા ગુણાતીત ગુરુઓનાં જીવનચરિત્રો નિત્યે ભાવથી વાંચવાં. |
| **શ્લોક - ૨૩૭, ૨૩૮** | સ્વામિનારાયણ ભગવાન તથા ગુણાતીત ગુરુઓનાં ઉપદેશો અને ચરિત્રો સત્સંગીઓનું જીવન છે. તેથી સત્સંગીએ તેનું શાંત ચિત્તે શ્રવણ, મનન તથા નિદિધ્યાસન મહિમાએ સહિત, શ્રદ્ધાપૂર્વક તથા ભક્તિથી રોજ કરવું. |
| **શ્લોક - ૨૩૯** | સંપ્રદાયના સિદ્ધાંતોમાં બાધ કરે તથા સંશય ઉત્પન્ન કરે તેવાં વચનો વાંચવાં, સાંભળવાં કે માનવાં નહીં. |
| **શ્લોક - ૨૪૦** | સ્વામિનારાયણ ભગવાનને વિષે હૃદયમાં પરાભક્તિ દૃઢ કરવા ગુરુહરિના આદેશથી ચાતુર્માસમાં વ્રત કરવું. |

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥

# સત્સંગદીક્ષા

## મુખપાઠ શ્રેણી : ૧૬

પ્રયોજક : બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ.

**સંસ્કૃત શ્લોકો (ગુજરાતીમાં)**

| | |
|---|---|
| **શ્લોક - ૨૨૬**<br>ભક્તેષુ દોષદૃષ્ટિઃ સ્યાદ્ અવગુણૈકભાષકઃ ।<br>મનસ્વી યો ગુરુદ્રોહી ન ચ તત્સંગમાચરેત્ ॥ ૨૨૬ ॥ | **શ્લોક - ૨૩૪**<br>લક્ષ્યં યસ્યૈકમાત્રં સ્યાદ્ ગુરુહરિપ્રસન્નતા ।<br>આચારેપિ વિચારેપિ કુર્યાત્ તત્સંગમાદરાત્ ॥ ૨૩૪ ॥ |
| **શ્લોક - ૨૨૭**<br>સત્કાર્યનિંદકો યશ્ચ સચ્છાસ્ત્રનિંદકો જનઃ ।<br>સત્સંગનિંદકો યશ્ચ તત્સંગમાચરેન્નહિ ॥ ૨૨૭ ॥ | **શ્લોક - ૨૩૫**<br>સ્વસંપ્રદાયગ્રંથાનાં યશાશક્તિ યશારુચિ ।<br>સંસ્કૃતે પ્રાકૃતે વાપિ કુર્યાત્ પઠનપાઠને ॥ ૨૩૫ ॥ |
| **શ્લોક - ૨૨૮**<br>વચનાનાં શ્રુતેર્યસ્ય નિષ્ઠાયા ભંજનં ભવેત્ ।<br>ગુરૌ હરૌ ચ સત્સંગે તસ્ય સંગં પરિત્યજેત્ ॥ ૨૨૮ ॥ | **શ્લોક - ૨૩૬**<br>સ્વામિવાર્તાઃ પઠેન્નિત્યં તથૈવ વચનામૃતમ્ ।<br>ગુણાતીતગુરૂણાં ચ ચરિતં ભાવતઃ પઠેત્ ॥ ૨૩૬ ॥ |
| **શ્લોક - ૨૨૯**<br>યો દૃઢનિષ્ઠાવાન્ અક્ષરપુરુષોત્તમે ।<br>દૃઢભક્તિર્વિવેકી ચ કુર્યાત્ તત્સંગમાદરાત્ ॥ ૨૨૯ ॥<br><br>**શ્લોક - ૨૩૦**<br>વાક્યેષુ શંકા યસ્ય ન વિદ્યતે ।<br>વિશ્વાસુર્બુદ્ધિમાન્ યશ્ચ કુર્યાત્ તત્સંગમાદરાત્ ॥ ૨૩૦ ॥ | **શ્લોક - ૨૩૭, ૨૩૮**<br>ઉપદેશાશ્ચરિત્રાણિ સ્વામિનારાયણપ્રભોઃ ।<br>ગુણાતીતગુરૂણાં ચ સત્સંગિનાં હિ જીવનમ્ ॥ ૨૩૭ ॥<br>અતસ્તચ્છ્રવણં કુર્યાદ્ મનનં નિદિધ્યાસનમ્ ।<br>મહિમા શ્રદ્ધા ભક્ત્યા પ્રત્યહં શાંતચેતસા ॥ ૨૩૮ ॥ |
| **શ્લોક - ૨૩૧**<br>પાલને નિત્યં સોત્સાહં તત્પરો દૃઢઃ ।<br>નિર્માનઃ સરલો યશ્ચ કુર્યાત્ તત્સંગમાદરાત્ ॥ ૨૩૧ ॥ | **શ્લોક - ૨૩૯**<br>સાંપ્રદાયિકસિદ્ધાંત-બાધકરં હિ યદ્ વચઃ ।<br>પઠ્યં શ્રવ્યં ન મંતવ્યં સંશયોત્પાદકં ચ યત્ ॥ ૨૩૯ ॥ |
| **શ્લોક - ૨૩૨**<br>હરેર્ગુરોશ્ચરિત્રેષુ દિવ્યેષુ માનુષેષુ યઃ ।<br>સસ્નેહં દિવ્યતાદર્શી કુર્યાત્ તત્સંગમાદરાત્ ॥ ૨૩૨ ॥ | **શ્લોક - ૨૪૦**<br>સ્વામિનારાયણે ભક્તિં પરાં દૃઢયિતું હૃદિ ।<br>ગુરુહરેઃ સમાદેશાચ્ચાતુર્માસ્યે વ્રતં ચરેત્ ॥ ૨૪૦ ॥ |
| **શ્લોક - ૨૩૩**<br>તત્પરોન્યગુણગ્રાહે વિમુખો દુર્ગુણોક્તિતઃ ।<br>સુહૃદ્ભાવી ચ સત્સંગે કુર્યાત્ તત્સંગમાદરાત્ ॥ ૨૩૩ ॥ | |